# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

## સલામી સવારની..

હારે ચૂંટણી, ચઢે રંગે હાથ, ખોવાઇ જાય છે,
નોંધ લઇ લે પ્રજા, ચૂંટણીમાં યોજાઇ જાય છે,
પરિવારની પૂજા, હા જી હા, ને ભંડોળ નો કુંભ -
એ ત્રિવેણી-સંગમ સ્નાનથી પાપ ધોવાઇ જાય છે
(આરોપીઓ ને ક્લીન ચીટ..)

## હાઇકુ

સીબીઆઇ ને
ન્યાય-કોર્ટ-કલમો,
સજાવે શસ્ત્રો..
(૨૦૦૨-કેસોમાં ઝડપ)

આવી તક્કડ
આંબા પકડવાની -
અંબાય દાંત..
(પદ ઘેલછા)

## ચિંતન

**સત્યા અનૃતા પરૂષા પ્રિયવાદિની ચ હિંસા દયાલુરપિ ચાર્થપરા વદાન્યા ।**
**નિત્યવ્યયા પ્રચૂર નિત્ય ધનાગમા ચ વૈશ્યા અંગનેવ નૃપનીતિ નેક રૂપા ॥**

શ્રી ભતૃહરિ નીતિ શતકનો આ શ્લોક ‘રાજનીતિ’, ‘રાજકારણ’ અને રાજકર્તા (નેતાઓ)ના સ્વભાવનું આબેહુબ વર્ણન કરે છે પ્રાચીન શ્લોક આજની તારીખે પણ કેટલો યથાર્થ છે!

‘ક્યારેક સત્ય, ક્યારેક અસત્ય, કદી કઠોર તો કદી મધુરભાષિણી - ક્યારેક હિંસક તો ક્યારેક દયાળુ, ક્યારેક સ્વાર્થ પરસ્ત નો ક્યારેક ઉદાર, ક્યારેક સદાય ખર્ચા કરાવનારી તો ક્યારેક ધનનાં ભંડાર ભરી દેનારી, આ રાજનીતિ, અસલ વારાંગના, વેશ્યાની માફક જ છે, રાજકારણ અને રાજનીતિ-નેતાઓને અનેક સ્વરૂપો છે.’

રાજનીતિમાં નેતા કે નીતિનું એક જ સ્વરૂપ હોતું નથી, સદાય પરિવર્તનશીલ હોય છે ક્યારેક સાચું બોલે-ખોટું બોલે, જાહેરમાં હસે-હસાવે, રડે રડાવે, દયાળુ થાય કે કઠોર બની રૂબરૂ ખૂન કરે કે કરાવી નાખે, ક્યારેક ‘મત’ ખરીદવા ટકી રહેવા માટે કરોડોના ખર્ચા કરાવે ક્યારેક સ્પેક્ટ્રમ કે કોલસામાંથી કરોડો પણ મળી જાય!

આમ, નેતાશ્રીને કે રાજકારણ-નીતિને વેશ્યા સાથે સરખાવવામાં આવેલ છે. વેશ્યાને કોઇ વ્યક્તિ તરફ સાચો પ્રેમ નથી હોતો, એ તો માત્ર સ્વાર્થ અને પૈસા માટે જ સંબંધ રાખે છે તેથી જ તેનો સ્વભાવ, હાવભાવ-લાગણી-પ્રેમ-દ્વેષ-ગુસ્સો પરિવર્તન રહે છે.

એટલે ‘ડર્ટી’ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

## સુવિચાર

- જે વગર તકલીફે ફાયદો મેળવવા જાય છે એને ફાયદો મળ્યા પછી તકલીફો આવે છે **- ફ્રાંન્સિસ બેકન**
- સંતાન માત્ર વંશવૃધ્ધિ, વૃધ્ધિનું જ પ્રતીક નથી, પરંતુ સાંસ્કૃતિક વારસાને વહન કરનાર સાતત્યનું પ્રતીક છે **- ડો. નરેશ વેદ**
- ‘ફરજ’ એ એક એવી બાબત છે જેની હંમેશાં બીજાઓ પાસે જ અપેક્ષા રાખવામાં આવે છે **- એસ. ભટાચાર્ય**
- માનવીનું આયુષ્ય તો વધ્યું છે પણ આયુષ્યમાં નું જીવન ઘટ્યું છે **- જે. કૃષ્ણમૂર્તિ**
- ખબર નથી પડતી કે લડાઇ લોકોને કેમ ગમે છે? બાકી લડાઇને તો લોકો બિલકુલ ગમતાં નથી **- ઇમર્સન**
- જો તમારા હૃદયમાં દાવાનળ ભભૂકતો હોય તો તમારી આંખોમાંથી અમી ઝરણાંની અપેક્ષા ક્યાંથી હોય **- ખલિલ જિબ્રાન**
- સંતોષ સમી કોઇ સમૃધ્ધિ નથી, અને ધૈર્ય સમો કોઇ ગુણ નથી **- મા શારદા દેવી**

## બોધ કથા

ધન-સમૃધ્ધિ-પૈસો જો યોગ્ય રીતે સાચવતાં કે વાપરતાં ન આવડે તો જરૂર પતનના માર્ગે લઇ જાય છે. ધન એકઠું કરવામાં વિવેક રાખવો જોઇએ, પરિશ્રમથી પ્રાપ્ત કરેલ લક્ષ્મી સદ્દબુધ્ધિ આપે છે, પરંતુ કોઇની પડાવી લીધેલી કે ખરાબ માર્ગેથી આવેલી લક્ષ્મી ‘નર્ક’માં જ લઇ જાય છે એટલે જ તો સાચા-સંત-સાધુ ‘ત્યાગ’ કરી સંતોષી જીવન જીવે છે. ‘પૈસા પાપનું મૂળ છે.’

બગદાદના સંત (સૂફી) ફલીઝની ખ્યાતિ, સેવા-સાદગી-સદાચારના વખાણ સાંભળી બગદાદના ખલીફા હારૂન-અલ-રશીદ તેમને સલામ ભરવા ગયા. નમ્રતા અને વિવેક સાથે ખલીફા-સૂફી સંતને મળ્યા. સંત ફલીઝે એમને અધ્યાત્મ અને જીવન રીતિ વિષે ખૂબ જ ઉમદા વાતો કરી. ખલીફા ખૂબ ખુશ થઇ ગયા; અને જતાં જતાં સંતને વંદન કરી એમનાં ચરણ પાસે સો સોનામહોરની થેલી મૂકી, જવા લાગ્યા..

સંત ફલીઝે ઠપકાં ભરી આંખે અને કટાક્ષ ભર્યાં સ્મિત સાથે કહ્યું, ‘અરે! જહાંપનાહ આ આપે શું કર્યું? મેં આપને ‘સ્વર્ગ’નો રસ્તો બતાવ્યો અને તમે એના બદલામાં મને ‘નર્ક’ નો રસ્તો બતાવી રહ્યાં છો?’

ખલીફા હારૂન સમજી ગયા અને શરમિંદા થઇ સોનામહોરની થેલી પાછી લઇ લીધી.

# શબ્દના ઉપાસકે લખેલા પરંતુ અધાપિ પ્રકાશિત એવા ઘણા લેખોમાંથી પાંચમા વિભાગમાં ‘વિચાર વલોણું’માં સંપાદકોએ પસંદગીના દસ લેખો મુક્યા છે, આ લેખો વાંચનારને પ્રતાપ પંડ્યાના વિચારો, આદર્શો, જીવન ચિંતન, દર્શન અને રસાળ ગધ શૈલીનો અનુભવ થાય છે


## શબ્દ સમીપે

### ચેતનાનાં સ્પંદનો અનુભવતાં ભાવ પુષ્પો

- નટવર હેડાઉ

સાગર જેવું વિશાળ હૃદય ધરાવતાં અને સંવેદના રૂપી ઝાકળથી આર્દ્ર બનાવતા પારિજાતના પુષ્પો સમ જીવન સુવાસ ફેલાવતા શિક્ષણવિદ્, સાહિત્ય પ્રેમી, ગુણદર્શી ‘પુસ્તક પરબ’ના મૌલિક વિચારના સર્જક ‘ઘર પુસ્તકાલય’ના પ્રણેતા સેવા માટે સદાય તત્પર, અડતાળા, અમરેલી અને વડોદરાના સંસ્કાર પુરૂષ, અડતાલા, અમરેલી અને વડોદરાના સંસ્કાર પુરૂષ, મુરબ્બી વડીલ અને અનુભવ વૃધ્ધ ડો. પ્રતાપરાય પંડ્યાની ૭૫મી જન્મ જયંતિ અમૃત મહોત્સવ રૂપે તાજેતરમાં ‘અસ્તિત્વનો ઉત્સવ’ સ્વરપે ઉજવાઇ તેમાં પુસ્તક દ્વારા સદ્દવિચારનો પ્રચાર અને પ્રસાર કર્મઠ શિક્ષક તરીકે પોતાનું જીવન સમર્પિત કરનાર વ્યક્તિ વિષે તેમની સાથે વિવિધ સંબંધે અને નિમિત્તે સંકલાયેલી વ્યક્તિઓ, મહાનુભાવો પાસેથી એમની લાગણીઓ અને ભાવનાઓ વ્યક્ત કરવા આ વિચારને પરિણામ લક્ષી બનાવવા માટે ડો. પ્રતાપરાય પંડ્યા અમૃત મહોત્સવ સમિતિ રચાઇ જેમાં જાણીતા વરિષ્ઠ સાહિત્ય સેવીઓ સતીસ ડણાક, હરિશભાઇ વટાવવાળા, ડો. વિરંચી મ. ત્રિવેદી, સુંદરમ્ ટેલર, અવિનાશ મણીયાર, ઉમેશ જોષી, હસમુખ બોરાણિયા જેવા મિત્રોએ જે જહેમત ઉઠાવી એક સુંદર ગ્રંથ તૈયાર કર્યો અને સૌના કરકમળમાં ધર્યો તે ગ્રંથ એટલે ‘ઝાકળ ઝીલ્યાં પારિજાત’.

‘ઝાકળ જીલ્યાં પારિજાત’ ગ્રંથ એક રીતે જોઇએ તો એમના વ્યક્તિત્વ અને કર્મઠતા, એમની સહાનુભૂતિ અને કરૂણા, એમના આદર્શ અને આચરણ ને વિભિન્ન રીતે પ્રગટ કરતો અભિવંદના ગ્રંથ છે. આ ગ્રંથના પ્રથમ વિભાગનું નામ ‘આત્મે પદી’ સૂચક છે. કારણ કે અહીં એમણે પોતાને માટે લખેલાં લખાણો છે. એમાંથી એમનાં વ્યક્તિત્વની આગવી છટા પ્રગટ થતી જોઇ શકાય છે. કોઇ પણ વ્યક્તિને નિકટતાથી જાણનાર એનું કુટુંબ અને સગાંવહાલાં હોય છે. ગ્રંથના બીજા વિભાગ ‘સ્વજન સંભારણા’ માન. શ્રી પ્રતાપભાઇનાં ભ્રાતા, પત્ની, પુત્ર, બહેન, પૌત્ર, પૌત્રી અને અન્ય કુટુંબીજનોના વિવિધ લેખો આની પ્રતિતી કરાવે છે. પુત્રના લક્ષણ પારણામાંથી જ જણાઇ આવે છે. તેમ પ્રતાપભાઇ વિશે એમનાં ભાઇશ્રી નંદલાલ ભાઇ લખે છે કે ‘પ્રતાપ વિશે લખતાં હૃદય ભરાઇ જાય છે, કારણ કે તેનો નાનાપણથી સ્વભાવ, વર્તન, વાણી અને વાતો અમારા કરતાં ઘણા ઉમદાં - ઉંચા અને ઉંમર કરતાં અક્કલ વધારે હોય તેવો અનુભવ અમને જ નહીં સગાં વહાલાં, ગ્રામજનો અને તેને ભણાવનારા શિક્ષકોને પણ થયેલ છે.’




ગ્રંથનો ત્રીજો વિભાગ ‘સખ્ય’માં સમાવિષ્ટ સાંઠ લેખોમાં પ્રતાપ પંડ્યાના મિત્રો, સાહિત્યકારો, વિદ્યાર્થીઓ અને પાડોશીઓએ લખેલા વૈવિધ્યપૂર્ણ લેખો છે. આ લેખોમાં એમના પ્રત્યેની નીતરતી લાગણીનો ધોધ આપણને ભીંજવે છે. લોક સાહિત્યના પરખંદા જોરાવરસિંહ જાદવ યોગ્ય જ લખે છે કે, સાહિત્ય દ્વારા સમાજનું ઘડતર કરવાનું બીડું એમણે એકલે હાથે ઉપાડ્યુ છે તેમનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું હોવા છતાં ‘આ મેં કર્યું, આજ સુધી કોઇએ નહોતું કર્યું કે વિચાર્યું એ કામ મેં કર્યું. એવા પડઘમ એમણે વગાડ્યા નથી.’ તો વળી રજનીકુમાર પંડ્યાને સાદગી અને નિરપેક્ષતા એ બે ચીજ એમની સાથે હંમેશા જોડાયેલી લાગી છે. આ ગ્રંથના અન્ય સંપાદક ડો. વિરંચી ત્રિવેદી એમના શિક્ષણ વિષયક લેખોનું મૂલ્યાંકન કરતાં લખે છે કે ‘તેઓ સ્પષ્ટપણે માને છે કે વિદ્યા મંદિરમાં વિદ્યાની દેવીની પૂજાનિષ્ઠા, ભક્તિ અને પ્રમાણિકતાથી થાય તો જ શ્રધ્ધાનું ફળ મળે છે. નિષ્ઠા વિનાનું પ્રત્યેક કાર્ય વૈતરૂં જ લાગે. તો ડો. લવકુમાર દેસાઇ સહજ પણ ઉદ્દગારે છે કે ‘ગુજરાતમાં ‘વાંચે ગુજરાત’ના સરકારી અભિયાનમાં લાંબા ભાષણો કરનારા કે દીર્ઘ લેખો લખનારા કે આંજી નામે તેવા સમારંભો યોજનારા અસંખ્ય મહાનુભાવો છે. પણ ગાંઠનું ગોપીચંદન કરીને લોકોને પ્રેમથી અભિયાનમાં જોડનારા સાહિત્યપ્રેમી વીરલાઓ છે તેમાંના એક તે પ્રતાપભાઇ છે. આ ત્રીજા વિભાગમાં સાઇઠ જેટલા લેખકોએ પ્રતાપ પંડ્યાના વૈવિધ્યસભર વ્યક્તિત્વ ને શબ્દદેહ આપ્યો એમાં આ સૌનો તેમના પ્રત્યેનો પ્રેમ આદર અને લાગણી વ્યક્ત થાય છે.

પ્રતાપ પંડ્યા વાચનરસના અનુરાગી છે તો સર્જાતા શબ્દના ઉપાસક પણ છે. શબ્દના આ ઉપાસકે સમાજના ઘડતર અને ચણતરમાં ઉપયોગી થાય એવા ‘લાગણીનો દસ્તાવેજ’, ‘ઇશ્વરનું અસ્તિત્વ’, ‘સર્વજનાઃ સુખીનઃ સન્તુઃ’, ‘શિક્ષણઃ જ્ઞાનની પરબ,’ ‘માણસ બનવું પડે છે’ અને ‘પ્રસન્નતાનો અનુભવ’ જેવા દસ ગ્રંથો લખી પ્રકાશિત કર્યા છે. આ પૈકીના કેટલાક ગ્રંથો વિશેના અવલોકનો અને પ્રસ્તાવનાઓને સમાવતો વિભાગ-૪ ‘અવલોકનીય’માં સાત લેખો સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

શબ્દના ઉપાસકે લખેલા પરંતુ અધાપિ પ્રકાશિત એવા ઘણા લેખોમાંથી પાંચમા વિભાગમાં ‘વિચાર વલોણું’માં સંપાદકોએ પસંદગીના દસ લેખો મુક્યા છે. આ લેખો વાંચનારને પ્રતાપ પંડ્યાના વિચારો, આદર્શો, જીવન ચિંતન, દર્શન અને રસાળ ગધ શૈલીનો અનુભવ થાય છે. તો છઠ્ઠા વિભાગમાં આપણા જાણીતા સાહિત્યકાર રાધેશ્યામ શર્મા અને વડોદરાના શિક્ષણ શાસ્ત્રી ડો. યોગેશ કોઠારીએ લીધેલી મુલાકાતોનો આલેખ છે. આ લેખનું વાંચન અને મનન આપણને ડો. પ્રતાપ પંડ્યાના સમગ્ર જીવન અને તેમનાં વ્યક્તિત્વનો પરિચય આપે છે. તો સાતમા વિભાગમાં આપવામાં આવેલ આતુપર્વી સ્વયં સ્પષ્ટ છે.

આ ગ્રંથનું સંપાદન કોઇ પણ જાતના સાહિત્યિક અભિનિવેશ વિના પ્રતાપ પંડ્યા પ્રત્યેના આદરને વશ થઇ સંપાદકોએ ખુબ હોંશથી કર્યું છે. એ રીતે આ ગ્રંથના સંપાદન માટેનો આખો ઉપક્રમ એક જુદા જ પ્રકારનો છે. એક રીતે જોઇએ તો આ ગ્રંથ ગુણાનુવાદ અને ઋણ સ્વીકારનો ગ્રંથ છે. અને ભવિષ્યમાં આ ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તેનું યોગ્ય મુલ્યાંકન થાય તે અપેક્ષિત છે.

‘અસ્તિત્વના ઉત્સવ’ પ્રસંગે આવું સુંદર સંપાદન કરવા બદલ સંપાદકો અને તેમાં સહભાગી થનાર સૌ પણ અભિનંદન ને પાત્ર છે. ડો. પ્રતાપ પંડ્યાને મારા હૃદયની લાગણીસભર હાર્દિક શુભેચ્છા સાથે ગ્રંથને આવકારૂં છું.

**ઝાકળ ઝીલ્યાં પારિજાત**
**સંપાદકો : સતીશ, ડણાક, હરીશ વટાવવાળા, વિરંચી ત્રિવેદી**
**પ્રકાશક : ડો. પ્રતાપરાય પંડ્યા, અમૃત મહોત્સવ સમિતિવતી,**
**સતીશ ડણાક, ૧૮, સયાજી સોસાયટી, કારેલી બાગ, વડોદરા - ૩૯૦૦૧૮**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨**
**મૂલ્ય : સદ્દભાવના**

# બધી જ બચત સંતાનોને સમર્પી દેવાની ઉતાવળ કરવાની બિલકુલ જરૂર નથી, પાછલી માંદગી વખતે રૂપિયા તૈયાર રાખનાર વૃધ્ધ આદરણીય છે, સંતાનોને પણ આવાં વડીલો ગમે છે

## ડોસાડોસી થવું છે કે દાદી? ઘડપણનો સૌથી પ્રિય શબ્દ : પેન્શન

- ડો. ગુણવંત શાહ

ઘડપણનું સૌથી મોટું શળ એક વાક્યમાં સમાઇ જાય છે. માણસને જ્યારે પ્રેમથી સૌથી વધારે જરૂર હોય ત્યારે જ એનો દુકાળ સર્જાય ત્યારે કોઇ વૃધ્ધ આદમીનું અંતર વલોવાઇ જાય છે. નિવૃત્ત થતાં પહેલાં કર્મચારી સમક્ષ બે વિકલ્પો ધરવામાં આવે છે : પ્રોવિડન્ડ ફંડ કે પેન્શન. ડાહ્યા માણસે પેન્શનનો વિકલ્પ પસંદ કરવો સારો. દર મહિને મળતું પેન્શન કડકડતી ટાઢમાં પણ હૂંફ આપનારૂં સ્વજન બની રહે છે. દર મહિને વાર મળતી રકમ ખખડી ગયેલા વૃધ્ધના કાનમાં હળવેકથી કહી જાય છે : ‘તું હજી જીવતો છે.’

ઘડપણના મિત્રોને ઓળખી રાખવા જોઇએ. પહેલે નંબરે આવે ટેલિફોન. પથારીવશ વ્યક્તિ ટેલિફોન જોડે ત્યારે એના અસ્તિત્વના સિમાડા વિસ્તરતા જણાય છે. સામે છેડેથી ‘હેલો’ શબ્દ સંભળાય ત્યારે પથારી ખરી પડે છે અને કોઇ સ્વજનને મળ્યાનો આનંદ છવાઇ જાય છે. સંતાનોને ખાસ વિનંતી કે એમણે કદી પોતાનાં માતાપિતાને લાંબા ટૂંકા અંતરના ટેલિફોન કરતાં રોકવા નહિં અને ટોકવા નહિ. ટેલિફોન પર લાંબી વાતો કરવી એ પ્રત્યેક વૃધ્ધ જીભને ભાવતી પ્રિય વાનગી છે. ક્યારેક ટેલિફોનની વાતચીતને કારણે દુઃખી હૃદયને જીવતા હોવાની પ્રતિતિ થાય છે.

બીજે નંબરે છાપું આવે છે. છાપામાં કેટલાક પાનાં પર જે કચરો આવે તે વાંચવામાં કલાક વીતી જાય છે. જરૂર પડે તો બે છાપાં બાંધવા; પણ વૃધ્ધ વ્યક્તિને વાંચવાનું ઓછું મળે તે ન ચાલે. પથારીમાં પડેલું ‘અખંડ આનંદ’ કે ‘નવનીત-સમર્પણ’ ગરમાટો આપે છે ને મનને પ્રફુલ્લિત રાખે છે. છાપાની નાની અને નકામી વિગતો પણ વાંચતી ગમે ત્યારે માનવું કે ઘડપણની સવારી આવા લાગી છે.

ત્રીજા નંબરે પગ આવે છે. ચાલતો માણસ એટલે જીવતો માણસ. ચાલતો માણસ એટલે પ્રમાણમાં તંદુરસ્ત માણસ. ચાલતો માણસ એટલે મળતો માણસ અને મળતો માણસ એટલે માણસો માણસ. પગને ચળ આવે છે કોઇક એવા ઘરે પહોંચી જવાની જ્યાં મીઠો આવકારો હોય અને ગરમાગરમ ચાનો કપ હોય. વૃધ્ધ વ્યક્તિને બીજું શું જોઇએ? ક્યારેક પગ ન પહોંચે એટલાં લાંબા અંતરે ઓટો રીક્ષા પહોંચે છે. સિનિયર સિટીઝનને રેલવેમાં, વિમાનમાં અને બસમાં કન્સેશન મળે છે. ખરી જરૂરત રીક્ષા ભાડામાં રાહત મળે તે છે. પગ ઘરની બહાર નીકળવાની છૂટ આપે છે અને રીક્ષા પગના માલિકને મનગમતા ઘરનો ડૉરબેલ સુધી લઇ જાય છે. કોઇ ખાસ કામ ન હોય તોય જેને ત્યાં જવાનું મન થઇ જાય તેનું જ નામ સ્વજન. પ્રત્યેક વૃધ્ધ કે વૃધ્ધાને સ્નેહની ભૂખ કકડીને લાગે છે. પગમિત્રની મદદ ન હોય તો પથારી ભારે અળખામણી બની જાય છે.

પ્રત્યેક નગરમાં દર મહિને કોઇ બાગમાં વિધુરો અને વિધવાઓનું ‘મંગળ મિલન’ ગોઠવાવું જોઇએ. આવા મિલન સમારંભને કારણે યોજાઇ હતી મૈત્રીને પવિત્ર બાબત ગણીને સમાજે આવકારવી જોઇએ. સમાજમાં તંદુરસ્તી જળવાઇ રહે તેવા પગલાં નથી લેવાતાં. ક્યાંક મફત ભોજન મળે છે. ક્યાંક મફત સારવાર મળે છે. ક્યાંક મોતીયાનું ઓપરેશન મફત થાય છે. ક્યાંક મૈત્રીનું અભિવાદન નથી. મુમ્બઇમાં ફલેટ નાના પડે ત્યારે વૃધ્ધો જગ્યા રોકે તે બાબત ખુંચે છે. વડીલ મૃત્યુ પામે ત્યારે થોડીક મોકળાશ થઇ એવો ભાવ સમજુ સંતાનોને પણ થાય છે. મૃત્યુની પ્રતિક્ષા કરતી વૃધ્ધ વ્યક્તિને ખબર પડી જાય છે કે પોતાના જવાની સંતાનો રાહતનો અનુભવ કરવાનાં છે. જીવનભર જેમને માટે ઘસારો વેઠ્યો હોય તેવા લોકો પોતાના મૃત્યુની ખાનગી પ્રતીક્ષા કરે છે, એવો ખ્યાલ જ મૃત્યુને ઉદ્વેગથી ભરી દેનારો છે. આવા વૃધ્ધ હોવું અને મુંબઇમાં હોવું, એ અભિશાપ છે.

કેટલાંય માતાપીતા એવાં છે, જેમનાં સંતાનો અમેરિકામાં સેટલ થઇ ગયા છે. માતાપિતા વચ્ચે વચ્ચે અમેરિકાનો આંટો મારી આવે છે. ગમી જાય તો અમેરીકામાં રહેવામાં કોઇ વાંધો નથી; પરંતુ સંતાનો સો ટકા વિનયી ન હોય તો જોખમ ખેડવા જેવું નથી. અમેરિકાનાં પાણીમાં જ કંઇક એવું છે કે ડૉલર આગળ બધું જ ગૌણ બની જાય છે. માતાપીતા ઉપયોગી હોય ત્યાં સુધી ગમે છે; પણ પછી બોજારૂપ લાગવા માંડે છે. અમેરિકામાં રહીને આંદામાનની સજા ભોગવતાં હજારો માતાપિતાને જ ખબર હોય છે કે રામકથામાં જવું એટલે શું. એમાં વળી બે જણામાંથી એક વિદાય લે ત્યારે જે પાછળ રહી જાય તેની કારમી એકલતાની કલ્પના જ થથરાવનારી છે. માબાપને વહાલથી જાળવનારાં સંતાનો પણ અમેરિકામાં જોવા મળે છે.

પેન્શનમાં પચીસ રૂપિયાનો વધારો થાય ત્યારે વૃધ્ધને હરખ થાય છે. કોઇ પણ શહેરના કોઇ પણ બાગમાં એક એવી જગ્યા હોય છે, જ્યાં થોડાક વૃધ્ધો ગપ્પાં મારતાં બેઠાં હોય છે. એ જગ્યાએ થતી વાતચીત કાન દઇને સાંભળવા જેવી હોય છે. સુખી પેન્શનરોની ભાષા જુદી પડી આવે છે. દુઃખી પેન્શનરોના નિસાસા પણ નોખા તરી આવે છે. ઘડપણનું સર્જન કરીને ભગવાને એટલું તો સાબિત કરી આપ્યું છે કે એ પોતે થોડોક એડીસ્ટ છે. યૌવન અને મૃત્યુ ઘડપણ મુકીને એને જીવનના આનંદને ખતમ કરવાની પેરવી જ કરી છે. ઘડપણને આનંદથી મઢી દેવામાં સફળ થવું એ ભગવાનને ચેલેન્જ આપવા બરાબર છે. કદાચ ભગવાનને પણ ચેલેન્જ આપનારો આદમી ગમતો હોય છે.

ઘડપણનો સૌથી પ્રિય શબ્દ ‘પેન્શન’ છે. ઘડપણનો સૌથી અપ્રિય શબ્દ ‘કંટાળો’ છે. કંટાળો એટલે જ ઘડપણ. જીવનની અર્થશૂન્યતાનો હાહાકર કંટાળા થકી પ્રગટ થાય છે. હોવા છતાં નહીં હોવા બરાબર થઇ જવાની અવસ્થા વિકરાળ છે. એની સામે લડવાની તૈયારી યુવાની ખતમ થાય તે પહેલાં જ થઇ જવી જોઇએ.

યુવાનીમાં પેટે પાટા બાંધીને પણ તગડી બચત કરવી જોઇએ. બધી જ બચત સંતાનોને સમર્પી દેવાની ઉતાવળ કરવાની બિલકુલ જરૂર નથી. પાછલી માંદગી વખતે રૂપિયા તૈયાર રાખનાર વૃધ્ધ આદરણીય છે. સંતાનોને પણ આવાં વડીલો ગમે છે.

(અનુસંધાન પાના નં. ૯ પર)

# ... પ્રાચીન ભારતના મોટા ભાગના રાજકારણીઓએ તેમનાં સિધ્ધાંતોમાંથી પ્રેરણા લીધી, હકીકતમાં વિવેકાનંદજી આધુનિક ભારતના પ્રતિપાલક સંત હતા

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

‘‘મેં તેમના કાર્યોનો ખુબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે અને એવું કર્યા પછી અનુભવ્યું કે દેશ પ્રત્યે મારો પ્રેમ કેટલા હજાર ગણો વધી ગયો.’’

**- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી**

‘‘જો કે, તેમનાં મૂળ ભૂતકાળથી જોડાયેલા હતા અને ભારતીય પ્રતિષ્ઠા પર તેમને ગર્વ હતો, પરંતુ જીવન સાથે જોડાયેલી સમસ્યાઓ પ્રત્યે તેમનો આધુનિક દૃષ્ટિકોણ પ્રાચીનું અને વર્તમાન ભારત વચ્ચે એક સેતુની સમાન હતો. તેમણે ખિન્ન અને હતાશ હિંદુ માનસિકતાને સહારો આપ્યો અને તેમનામાં આત્મવિશ્વાસનો સંચાર કરવાની સાથે સાથે પોતાને પ્રાચિનું મૂલ સાથે પણ જોડ્યાં.’’

**- જવાહરલાલ નહેરૂ, ભારતનાં પ્રથમ વડાપ્રધાન**

એક મહાન ભવિષ્યદર્શી વિશે આ શબ્દો ભારતના બે મહાન નેતાઓના છે. સ્વામી વિવેકાનંદની જીવનગાથાનું નિરીક્ષણ કર્યા પછી એ તથ્ય સ્પષ્ટ થઇ જાય છે કે, તેઓ વાસ્તવમાં એક મહાનાયક હતા. તેઓ ફક્ત એક અધ્યાત્મિક ધાર્મિક નેતા જ નહીં, પરંતુ એક મહાન રાષ્ટ્રવાદી વિચારક પણ હતા. જીવનના દરેક પાસામાં તેમનું મૂલ્યાંકન આશ્ચર્ય પમાડે છે અને આજના સમયમાં પ્રાસંગિક છે.

સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨જાન્યુઆરી, ૧૮૬૩માં કૉલકત્તાના એક પારંપરિક હિન્દુ પરિવારમાં થયો હતો. તેમનાનાં પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભૂવનેશ્વરી દેવી હતું. તેમનું બાળપણનું નામ નરેન્દ્ર હતું. વૈરાગી જીવનમાં પગ મૂક્યા બાદ તેમનું નામ નરેન્દ્રમાંથી સ્વામી વિવેકાનંદ થઇ ગયું.

નરેન્દ્ર એક ખુબ ચંચળ અને શરારતી બાળક હતા. તેઓ ભણવામાં અને રમતમાં બંનેમાં હોંશિયાર હતા. તેમને વાદ્ય અને ગાવાનું પણ શિક્ષણ લીધું. ખુબ જ નાની ઉંમરમાં તેઓ ધ્યાન લગાવવાનો અભ્યાસ કર્યા કરતા હતા. નાનપણથી જ નરેન્દ્ર જાતિ અને ધર્મ પર આધારિત અંધ વિશ્વાસ અને ભેદભાવના પ્રશ્નો ઉઠાવતાં હતા. નાનપણથી જ તેમનાં મનમાં સન્યાસીઓ પ્રત્યે ખુબ જ શ્રધ્ધા અને આદરભાવ રહેતો હતો. માગવાથી તેમને કંઇકને કંઇક આપ્યા કરતા હતા. કોઇ ભિખારી દ્વારા ભિક્ષા માગવા પર તેમની પાસે જે હોય તે તેમને આપી દેતા. આ રીતે તેઓ નાનપણથી જ બલિદાન અને ત્યાગની પ્રતિક હતા. નાની ઉંમરમાં પણ તેમનામાં દયાભાવના અને સ્વાભાવિક નેતૃત્વ જેવા મહાન ગુણો હાજર હતા.

સન ૧૮૭૯માં દસમું ધોરણ કર્યા પછી નરેન્દ્રએ કલકત્તાની પ્રેસીડેન્સી કૉલેજમાં પ્રવેશ લીધો. ઉચ્ચ શિક્ષણની સાથે-સાથે તેમની વિચારધારા પણ મજબૂત થવા લાગી. તેમના મનમાં ઇશ્વર પ્રત્યે શંકાઓ થવા લાગી. સમય જતાં તે બ્રહ્મ સમાજ સાથે જોડાયા, જે કેશવચંદ્ર સેનના નેતૃત્વમાં એ સમયની એક મહત્ત્વની ધાર્મિક લહેર હતી.

નાની ઉંમરમાં જ તેમણે આધ્યાત્મિક અનુભવ થવા લાગ્યા અને ૧૮ વર્ષની ઉંમરમાં તેમના મનમાં ઇશ્વર દર્શનની તીવ્ર ઇચ્છા જાગી. ખુબ જ બેબાકળા થઇ વિવેકાનંદ જેને ઓળખતા હોય તેવા તેમની આસપાસના લોકોને પૂછતા, તેમણે ભગવાનને ક્યારેય જોયાં છે. બધાનો જવાબ ‘ના’માં જ હોય. જો કે દેવેન્દ્રનાથે એમના જણાવ્યું કે એમણે ભગવાનને એક યોગીની આંખોમાં જોયા છે અને એમને વિશ્વાસ અપાવ્યો કે તેઓ પોતાના જીવનકાળમાં પરમાત્માનાં દર્શન જરૂર કરશે.

આ દરમિયાન નરેન્દ્રને દક્ષિણેશ્વરમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ વિશે સાંભળ્યું. શ્રી રામકૃષ્ણ કાલી માતાના મંદિરમાં પુજારી હતી, તે કોઇ વિદ્વાન ન હતા પરંતુ શ્રધ્ધાળુ ભક્ત હતા. રામકૃષ્ણ અભણ સાધારણ ગામડિયા હતા. જેમણે કાલીમાંના મંદિરમાં પુજારીની જવાબદારી સોંપવામાં આવી હતી. એકવાર નરેન્દ્ર પોતાના મિત્રો સાથે દક્ષિણેશ્વર ગયા. તેમણે રામકૃષ્ણને પ્રશ્ન કર્યો કે, ‘શું તેમણે ઇશ્વરને જોયા છે?’

રામકૃષ્ણએ તરત જ જવાબ આપ્યો, ‘હા, મેં પ્રભુને જોયા છે.’ જેમ કે હું મને પોતાને મારી સામે જોઉં છું. બસ ફરક માત્ર એટલો હતો કે મેં તેમને ઘણા સ્પષ્ટ રીતે જોયા છે.’

નરેન્દ્રને તો હેરાની અને મૂંઝવણનો અનુભવ થયો. તેમને અહેસાસ થયો કે રામકૃષ્ણના શબ્દોમાં સચ્ચાઇ અને અનુભવ દેખાઇ રહ્યો છે.


હવે તે ઘણીવાર રામકૃષ્ણને મળવા લાગ્યા, પરંતુ કોઇ વાત જાતે પારખ્યા વગર માની લે તે તેમના સ્વભાવથી વિરૂધ્ધ હતું. એટલે જ તેમણે પારખ્યા વગર રામકૃષ્ણનો ગુરૂ તરીકે સ્વીકાર મંજૂર ન હતો. રામકૃષ્ણ કહેતા હતા કે પ્રભુ દર્શન માટે માયા અને સ્ત્રી મોહનો ત્યાગ કરવો પડે છે.

(અનુસંધાન પાના નં. ૯ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૧મી ફેબ્રુઆરી



● શેરના ભાવ નોંધતું યંત્ર એમની પ્રથમ શોધ. ફોટોગ્રાફ, કાર્બનયુક્ત દોરીના કટકામાંથી પ્રકાશ શોધ્યો. ડાયનેમો, જનરેટર, બોલતી ફિલ્મને સંપૂર્ણતા બક્ષવાનો યશ જેવી અનેક શોધો કરનારા, રોજ ૧૮ કલાક કામ કરનારા મહાન વૈજ્ઞાનિક ટોમસ આલ્વા એડિસનની જન્મજયંતિ. તેમનું ઘર અને પ્રયોગશાળા રાષ્ટ્રીય સ્મારક છે. ૧૦૦૦ જેટલી શોધો તેમણે કરી હતી.

● ‘પારાશર્ય’ મુકુન્દરાય વિજયશંકર પટ્ટણી, જાણીતા કવિનો મોરબી ખાતે જન્મ - ૧૯૧૪.



● ૧૯૪૨ - ગાંધીવાદી-સત્યાગ્રહ ચળવળના અગ્રણી. જમનાદાસ બજાજનું અવસાન.

● ૧૯૬૮ - મણિલાલ ત્રિભૂવન, નાટ્યકાર, નાટ્ય નેપોલિયનનું બિરૂદ મેળવનારા ‘પાગલ’નું અવસાન.